ઈ-મેઈલ

ક્રમાંક: ઘ/માધ્ય/પરચ/૨૦૨૦/ ૧૮૭૫૭

કમિશનર શાળાઓની કચેરી,
૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુ.રા., ગાંધીનગર
તા. ૧૩/૧૦/૨૦૨૦

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
તમામ.

**વિષય** : કોવિડ-૧૯ અંગે લોક જાગૃતિ માટે ઓક્ટોબર-નવેમ્બર ૨૦૨૦ દરમિયાન IEC અભિયાન ચલાવવા બાબત.

**સંદર્ભ** : શિક્ષણ વિભાગના પરિપત્ર ક્રમાંક: પરચ-૧૨૨૦૧૮-૧૫૧-વ.૨, તા.૩/૧૦/૨૦૨૦.

ઉપરોક્ત વિષય અન્વયેના શિક્ષણ વિભાગના સંદર્ભદર્શિત પરિપત્રની નકલ આ સાથે સામેલ રાખી મોકલી આપતાં જણાવવાનું કે, ભારત સરકારના કેબિનેટ સચિવશ્રીની અધ્યક્ષતામાં યોજાયેલ વિડિયો કોન્ફરન્સમાં ઓક્ટોબર-નવેમ્બર ૨૦૨૦ દરમિયાન કોરોના મહામારી અંગે લોક જાગૃતિ માટે IEC અભિયાન ચલાવવામાં આવનાર છે. જે અન્વયે શિક્ષકો, વિદ્યાર્થીઓ અને વાલીઓ આ અંગે જાગૃત થાય તે માટે IEC (Information Education Communication) અંતર્ગત Mask, Social distancing, Health hygiene, Immunity boost-up practices, Reverse quarantine નું પાલન કરવાનું રહે છે.

ઉક્ત મુદ્દાઓ કોવિડ મહામારી સામેની લડાઈમાં પાયારૂપ હોઈ તેનું બહોળા પ્રમાણમાં અનુકરણ અને પાલન થાય તે જરૂરી છે. જેથી આ અંગે શાળાઓમાં શિક્ષકો, વિદ્યાર્થીઓ અને વાલીઓને જાગૃત કરવા આવશ્યક હોઈ તેઓ જાગૃત થાય અને આ અંગેની જાગૃતિનો શિક્ષકો/આચાર્યો દ્વારા લોકોમાં સંદેશ અપાય તે અંગેની કાર્યવાહી હાથ ધરવા અંગે અને તમામ શાળાઓની બહાર આ અંગે સંદેશાઓ મૂકાય તે અંગે પણ આપની કક્ષાએથી જરૂરી કાર્યવાહી/પરિપત્ર કરવા જણાવવામાં આવે છે.

સંયુક્ત શિક્ષણ નિયામક
માધ્યમિક
ગુ.રા.ગાંધીનગર

જા.નં/મા-૨/પરીપત્ર/૨૦૨૦/ ૧૭૨૫૧

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી
જિલ્લા સેવા સદન-૨,બી-૩
અઠવાલાઈન્સ,સુરત.
તા. ૧૭/૧૦/૨૦૨૦

પ્રતિ,
આચાર્યશ્રી,
સુરત શહેર અને જિલ્લાની તમામ સરકારી/ગ્રાન્ટેડ/નોન ગ્રાન્ટેડ
પ્રાથમિક/માધ્યમિક/ઉ.મા.શાળાઓ.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત જિલ્લા-સુરત

કોવિડ-૧૯ અંગે લોક જાગૃતિ માટે ઓક્ટોબર-નવેમ્બર, ૨૦૨૦ દરમ્યાન IEC અભિયાન ચલાવવા બાબત.

શિક્ષણ વિભાગ
પરિપત્ર ક્રમાંક:-પરચ-૧૨૨૦૧૮-૧૫૧-વ.૨
સચિવાલય,ગાંધીનગર,
તા.03/૧૦/૨૦૨૦

વંચાણે લીધો:- આરોગ્ય અને પરિવાર કલ્યાણના તા.૦૧/૧૦/૨૦૨૦નો પત્ર

પરિપત્ર:

ભારત સરકારના કેબિનેટ સચિવશ્રીની અધ્યક્ષતામાં તા.૦૧/૧૦/૨૦૨૦ના રોજ યોજાયેલ વિડિયો કોન્ફરન્સમાં આગામી ઓક્ટોબર અને નવેમ્બર ૨૦૨૦ બે માસ દરમ્યાન કોરોના મહામારી અંગે લોક જાગૃતિ કોરોના માટે IEC અભિયાન સ્વરૂપે ઉજવણી કરવા જણાવવામાં આવેલ છે. સરકારી કચેરીઓના કર્મચારી, શિક્ષકો, વિદ્યાર્થીઓ અને વાલીઓ આ અંગે જાગૃત થાય માટે નીચેની સૂચનાઓનું કોરોના માટે IEC (Information Education Communication) અંતર્ગત પાલન કરવાનું રહે છે.

(1) Mask
(2) Social distancing.
(3) Hand hygiene
(4) Immunity boost-up practices
(5) Reverse quarantine

ઉપર જણાવેલ મુદ્દાઓ Covid-19 સામેની લડાઈમાં પાયારૂપ છે અને તેનું બહોળા પ્રમાણમાં અનુકરણ અને પાલન થાય તે જરૂરી છે. આ પ્રસ્થાપિત થયેલ કાર્યપદ્ધતિ કોરોનાના સંક્રમણને અટકાવવામાં અત્યંત મહત્વપૂર્ણ છે. આથી, આ અંગે સરકારી કચેરીઓ, શાળાઓ, કોલેજો તથા યુનિવર્સિટીઓમાં સરકારી કર્મચારીઓ, શિક્ષકો, વિદ્યાર્થીઓ તથા વાલીઓને જાગૃત કરવા આવશ્યક છે. તમામ લોકોમાં સંદેશનો પ્રસાર થાય અને કર્મચારીઓ પણ આ બાબતે ઉત્સાહિત થઈને લોકજાગૃતિ ફેલાવવામાં યોગદાન આપે તે માટે તેમને પ્રેરવા જોઈએ. આ માટે ઓક્ટોબર-૨૦૨૦ અને નવેમ્બર-૨૦૨૦ માસ દરમ્યાન નો એકશનપ્લાન તૈયાર કરવાનો રહેશે અને તૈયાર કરેલ એકશનપ્લાન નીચે જણાવેલ ઈ-મેઇલ પર મોકલી આપવાનો રહેશે.

(૧) stateieco@gmail.com આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ
(૨) gujaratinformation@gmail.com માહિતી અને પ્રસારણ વિભાગ
(3) undersecretaryeducation@gmail.com શિક્ષણ વિભાગ

તમામ શાળા/કોલેજો/યુનિવર્સિટીઓના શિક્ષકો, આચાર્ય/હેડ માસ્ટર દ્વારા આ અંગે લોકોમાં સંદેશો આપવા અંગે કાર્યવાહી હાથ ધરવાની રહેશે. ઉપરાંત લોકજાગૃતિનો પ્રચાર-પ્રસાર થાય તે માટે

1927
Hod Draft.

તમામ શાળાઓ/કોલેજો/યુનિવર્સિટીઓની બહાર સંદેશાઓ મૂકાય તે માટે પણ કાર્યવાહી હાથ ધરવાની રહેશે.

આ સૂચનાઓ તમામ શાળા-કોલેજ-યુનિવર્સિટીમાં મોકલી આપીને સત્વરે તેનો અમલ થાય તે અંગે કાર્યવાહી હાથ ધરવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(બી.વી.રાઠવા)
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

(૧) કમિશ્નરશ્રી શાળાઓની કચેરી,બ્લોક નં ૯,ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
(૨) કમિશ્નરશ્રી ઉચ્ચ શિક્ષણની કચેરી, બ્લોક નં ૧૨, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
(૩) કમિશ્નરશ્રી,મ.ભો.યો.અને શાળાઓ,બ્લોક નં ૯, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
(૪) સ્ટેટ પ્રોજેક્ટ નિયામકશ્રી,સર્વ શિક્ષા અભિયાન, સેક્ટર નં ૧૭ ગાંધીનગર
(૫) સચિવશ્રી માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક બોર્ડ, સેક્ટર નં ૧૦બી, ગાંધીનગર
(૬) નિયામકશ્રી ટેકનિકલ શિક્ષણની કચેરી,બ્લોક નં ૨, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
(૭) નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણની કચેરી,બ્લોક નં ૧૨, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
(૮) નિયામકશ્રી,ગુજરાત રાજ્ય પાઠ્યપુસ્તક મંડળ સેક્ટર ૧૦/એ ગાંધીનગર
(૯) નિયામકશ્રી,સાક્ષરતા અને નિરંતર શિક્ષણ,બ્લોક ૧૨ ગાંધીનગર
(૧૦) નિયામકશ્રી,ગુજરાત શૈક્ષણિક ટેક્નોલોજી ભવન,નવરંગપુરા,અમદાવાદ
(૧૧) નિયામકશ્રી એન.સી.સી.હનુમાન કેમ્પ,કેન્ટોનમેન્ટ એરીયા અમદાવાદ
(૧૨) નિયામકશ્રી ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ સેક્ટર નં ૧૨ ગાંધીનગર.